મધ્યાહન ભોજન યોજના અંતર્ગત M.M.E.હેઠળ મળતી કેન્દ્ર સરકારની સહાયની રકમ SSA હસ્તકના ખાતામાં જમા કરવા અને ખર્ચની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ મભય/૨૦૧૧/૫૪૯ /આર,
સચિવાલય, ગાંધીનગર
તા.૦૭ /૧૦/૨૦૧૫

વંચાણે લીધાઃ- (૧) ભારત સરકારની NPNSPE-૨૦૦૬ની ગાઇડ લાઇન્સ
(૨) શિક્ષણ વિભાગનો તા.૨૧/૦૫ /૨૦૧૧નો સરખા ક્રમાકનો પત્ર.
(૩) ભારત સરકારનો તા.૨૮/૭/૧૫ ના પત્ર ક્રમાંક-એફ.નં.૧૭-૧/૨૦૧૫-MDM ૧-૧ (ઇઇ-૫).
(૪) કમિશ્નરશ્રી, મ.ભો.યો.ના તા.૨૦/૮ /૧૫ ના પત્ર ક્રમાંકઃMDM /હસબ/ M.M.E./૨૦૧૫/૮૨૦૮ અને, તા.૨૧/૮ /૧૫ ના પત્ર ક્રમાંકઃMDM /વશી/૧૬૩૫-૩૬/૮૩૭૨-૭૪

ઠ રા વ-

રાજયમાં મધ્યાહન ભોજન યોજનાના અમલ માટે ભારત સરકાર તરફથી M.M.E. ( Management, Monitoring & Evaluation ) હેઠળ મળતી સહાયમાંથી સંદર્ભ -(૪)માં દર્શાવેલ કમિ.મ.ભો.યો.ના પત્રથી (અ) સને.૨૦૧૫-૧૬માં ભારત સરકાર તરફથી M.M.E.હેઠળની મળેલ પ્રથમ હપ્તાની રુ.૩૨૩.૪૩ લાખની ગ્રાન્ટ એસ.એસ.એ. હસ્તકના અલગ બેંક એકાઉન્ટમાં જમા કરાવવા અને (બ) એસ.એસ.એ. હસ્તકના અલગ બેંક એકાઉન્ટમાં જમા રકમમાંથી જામનગર જિલ્લાના ૧૪૦૮ કુક-કમ-હેલ્પર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૧૧૭૮ મભોયોમાં કામ કરતા કુક-કમ-હેલ્પરને તાલીમ માટે સેમીનારમાં ભોજન સાથે ખર્ચ પેટે એક વ્યક્તિ દીઠ રુ.૧૨૫/લેખે અને આમંત્રિત મહેમાનો,પદાધિકારીનો ખર્ચ મળીને કુલ જિલ્લાદીઠ રુ.૨/લાખ લેખે બે જિલ્લાના કુલ રુ.૪/ લાખની રકમ એમ.એમ.ઇ.ની રકમમાંથી ખર્ચ મંજુર કરવા દરખાસ્ત રજુ કરેલ છે.

૨. પ્રસ્તુત બાબતે કાળજીપૂર્વકની વિચારણાને અંતે સને.૨૦૧૫-૧૬માં ભારત સરકાર તરફથી M.M.E. હેઠળની મળેલ પ્રથમ હપ્તાની રુ.૩૨૩.૪૩ લાખની ગ્રાન્ટ એસ.એસ.એ. હસ્તકના અલગ બેંક એકાઉન્ટમાં જમા કરાવવાની આથી મંજુરી આપવામાં આવે છે.અને એસ.એસ.એ. હસ્તકના અલગ બેંક એકાઉન્ટમાં M.M.E.ગ્રાન્ટની જમા રકમમાંથી જામનગર જિલ્લાના ૧૪૦૮ કુક-કમ-હેલ્પર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૧૧૭૮ કુક-કમ-હેલ્પર તેમજ અન્ય પદાધિકારીઓ અને આમંત્રિતો માટે દરેક વ્યક્તિ દીઠ રુ.૯૦/- નો ખર્ચ સેમીનારમાં ભોજન ખર્ચ પેટે તથા અન્ય તમામ ખર્ચ એમ.એમ.ઇ.ની રકમમાંથી કરવાની નીચેની શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે.

(૧) પ્રસ્તુત બાબતે સેમિનારમાં ભાગ લેનારની ચોકસ સંખ્યા મેળવીને વ્યક્તિ દીઠ રુ.૯૦/ની મર્યાદામાં ખર્ચ કરી શકાશે તે બાબતમાં તે અનુસાર સમય-મર્યાદામાં બીલો રજુ કરવાના રહેશે.

(૨) કમિશ્નરશ્રી, મ.ભો.યો. દ્વારા આ બાબતે જરુરી ઉપયોગિતા પ્રમાણપત્ર ભારત સરકારને આ વિભાગ મારફત મોકલી આપવાનું રહેશે.

(૩) બચત રહેતી રકમ એસ.એસ.એ. હસ્તકના અલગ બેંક એકાઉન્ટમાં જમા કરાવીને તેની અત્રે જાણ કરવાની રહેશે.

(૪) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકશે નહિ.

(૫) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૬) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકિય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૭)ભારત સરકારની મ.ભો.યો. અંગેની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૮/૦૯/૨૦૧૫ અને તા.૩૦/૦૯/૧૫ની નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહાવીરસિંહ શેખાવત )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

-- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-- માન. રા.ક. મંત્રીશ્રી (પ્રા.શિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-- અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી (ઉ.અને ટે શિ.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- કલેકટરશ્રી,જામનગર અને દેવભૂમિ દ્વારકા.
-- જિલ્લા તિજોરી અધિકારીશ્રી,જામનગર અને દેવભૂમિ દ્વારકા.
-- સેકશન અધિકારી શ્રી,બજેટ,નાણા શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
-- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા સારૂ)
-- નાયબ સેકશન અધિકારીશ્રી સિલેકટ ફાઇલ.,
-- સિલેકટ ફાઇલ.